રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર

ગુજરાત સાહિત્ય અકાદમી

# ગુજરાત સાહિત્ય અકાદમી

ઝવેરચંદ મેઘાણી ભવન, સેક્ટર-10-એ, ગાંધીનગર-382010
ફોન નં. 079-232-56797/98
ઈ-મેઈલ : gsagandhinagar@gmail.com

# અનુસંધાન
# સંશોધન પ્રકલ્પ

## સહાય ફાળવણી અને યોજના અમલીકરણનાં નિયમો

## : સંશોધન પ્રકલ્પ અન્વયે આર્થિક સહાય યોજના :

ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણની કલમમાં સાહિત્યક્ષેત્ર અભ્યાસ અને સંશોધનને ઉત્તેજન આપવાનું જણાવવામાં આવ્યું છે.

ભારતીય ભાષાઓમાં સમૃધ્ધ સાહિત્ય રચાયું છે, સચવાયું છે. ભારતની અમૂલ્ય સાંસ્કૃતિક ધરોહર એવા આ સાહિત્યમાં આપણી સાંસ્કૃતિક પરંપરા, મૂલ્યો અને વૈજ્ઞાનિક પરંપરાઓનું દર્શન થાય છે. ભારતીય ભાષાઓનાં સાહિત્યની નોંધ લઈ અને તેમાંથી પ્રેરણા લઈ સર્જન કરનારા અનેક વિદેશી મહાનુભાવો નોબેલ પારિતોષિક સુધી પહોંચ્યા છે. ગુજરાતમાં ગુજરાતનું લોક સાહિત્ય, ચારણી સાહિત્ય, કથા, વાર્તા, નવલકથા, સાહસકથા, કિશોરકથા અને બાળ વાર્તાઓનું સાહિત્ય વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ સાહિત્યમાં સંશોધન થઈ તેની વર્તમાન સાપેક્ષતા નવી પેઢી સમક્ષ પ્રસ્તુત થાય તે અત્યંત જરૂરી છે. સંશોધન એ સાહિત્ય સંવર્ધનની પૂર્વ શરત છે. આપણા મહાન ઋષિઓ-કવિઓ દ્વારા રચાયેલ સંસ્કૃત શ્લોકો હોય, ઋચાઓ હોય, મંત્રો હોય કે પછી પ્રાચીન મધ્યકાલીન, અર્વાચીન સાહિત્ય હોય. પ્રત્યેકમાં માનવીય મૂલ્યો અને વર્તમાન સમસ્યાઓનો માર્ગ સમાધાન સુધી પ્રશસ્ત થાય છે. તેથી જ તો આજે પણ ભડલી વાક્યો પ્રસ્તુત છે. આપણા લોકસાહિત્યમાં રચાયેલ દુહાઓ –કાવ્યો પર્યાવરણ સંરક્ષણ – જાગૃતિનું પાયાનું કામ કરતા આવ્યા છે. સાહિત્યમાં જે તે પ્રદેશની સંસ્કૃતિનું દર્શન થાય છે. ગુજરાતના સમૃધ્ધ સાહિત્યને સંરક્ષિત અને સંવર્ધિત કરવા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી કે જે ગુજરાતમાં બોલાતી ભાષાઓ છે તેમાં ગુણવત્તાયુક્ત સંશોધન થાય તે માટે સંશોધન પ્રકલ્પ અન્વયે બે પ્રકારે સહાય આપવાની વિચારણા હતી. જે માટે અકાદમીની કાર્યવાહક સમિતિની બેઠકમાં આ યોજના શરૂ કરવાનો નિર્ણય લેતા વર્ષ- ૨૦૨૪-૨૫ના નાણાંકીય બજેટમાં નવી બાબત સ્વરૂપે આ યોજનાને મુકવામાં આવેલ હતી. જેની વિભાગના તા.૨૮/૦૨/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: SYCAD/GSA/e-file/19/2023/1702/F Section - Celebration દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે.

જે અન્વયે નીચે મુજબના પ્રકારે સહાય આપવાનું નક્કી કરેલ છે. જે સહાય મેળવવા તથા સહાય મંજૂર કરવા અંગેની કાર્યપદ્ધતિની રૂપરેખા તથા જરૂરી નિયમ કાર્યવાહક સમિતિએ મંજૂર કર્યા છે :

- આ યોજના અંતર્ગત સંશોધન પ્રકલ્પ હેઠળ સંશોધકને નિયત થયેલ સંશોધન પ્રોજેક્ટ માટે વધુમાં વધુ રૂ.૩,૫૦,૦૦૦/- આપવાની યોજના આ સંશોધન પ્રોજેક્ટ અન્વયે સંશોધકે સંપૂર્ણ સંશોધન કાર્ય ઓછામાં ઓછા ૧.૫ વર્ષમાં અને વધુમાં વધું ૦૨ વર્ષમાં પૂર્ણ કરી, ૨ વર્ષ પછીનાં વધુમાં વધું ૦૬ (છ) માસ સુધીમાં અકાદમીને રજૂ કરવાનો રહેશે.
- સંશોધકને સહાયપાત્ર રકમ કુલ ૦૩ હપ્તામાં ચૂકવવામાં આવશે. ખર્ચ અંગેના હેડ પરિશિષ્ટમાં સામેલ છે.
- ગુજરાતમાં વ્યાકરણ ભાષાશાસ્ત્ર લોકવિજ્ઞાન ઈત્યાદિનું સંશોધન કરી શકે તેવા તથા કાવ્ય, નાટક, નવલકથા ઈત્યાદિ સાહિત્ય સ્વરૂપોનું સર્જન કરી શકે તેવા ઉત્તમ સાક્ષરો છે. ગુજરાતીભાષીની સંખ્યા અને પુસ્તકની ખરીદીની સ્થિતિ એવી છે કે 'કોઈ સાક્ષર, એની પોતાની ઈચ્છા-યોગ્યતા હાય છતાં, સર્જન-સંશોધન- સંપાદન માટે પૂર્ણ સમય આપી શકતા નથી. પ્રતિભાશાળી સર્જક અને મેધાવી સંશોધક-સંપાદક રાજ્ય, રાષ્ટ્રની ઉત્તમ મૂડી છે. તેની શક્તિ અર્થોપાર્જનની વ્યસાયલક્ષી પ્રવૃત્તિમાં જ પૂરી થાય એ મોટી ખોટ છે. આથી આ પ્રકારના સંશોધકને સંશોધન પ્રોજેક્ટ માટે આર્થિક સહાય આપવી જરૂરી બને છે. સરકારશ્રીએ આ યોજનાને મંજૂરી આપી છે.
- ગુજરાતી ભાષા-સાહિત્યના અને ઉત્કર્ષ માટે જરૂરી હોય તેવા સર્જનાત્મક, સંશોધનાત્મક ગ્રંથ રચવા માટે અકાદમી પ્રતિવર્ષ સાહિત્યકારો, સર્જકો,અધ્યાપકો, ભાષાશાસ્ત્રીઓ પાસેથી અરજીઓ મંગાવી તેનું પરામર્શન કરાશે અને યોગ્ય લાગતી અરજીઓનો સ્વીકાર કરાશે.
- સંશોધન-સંપાદનમાં ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, લોકવિજ્ઞાન ઈત્યાદિ અનેક પ્રકારના સંશોધનોનો સમાવેશ થાય છે.
- અકાદમી પ્રસ્તુત યોજનાની જાહેરખબર વર્તમાનપત્રમાં આપી સર્જક- સંશોધક પાસે આવેદન મંગાવશે.
- કેટલાક વિશિષ્ટ સંજોગોમાં ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસની દ્રષ્ટિએ મહત્વનાં હોય તેવાં સંશોધન માટે અકાદમીની સમિતિ  મૂર્ધન્ય વિદ્વાનને સામેથી નિમંત્રણ આપીને વિશિષ્ટ પ્રકારનો સંશોધિત ગ્રંથ તૈયાર કરી આપવાની વિનંતિ સાથે આર્થિક સહાય આપશે.
- આવેદનપત્રમાં સંશોધન આર્થિક સહાયનો લાભ લેવા ઈચ્છનાર વિદ્વાને પોતે હાથ ધરવા ઈચ્છે છે, તે યોજનાની સંપૂર્ણ વિગત, એ માટે જરૂરી બનતાં પુસ્તક, સાધનસામગ્રી, ક્ષેત્રકાર્ય, પ્રવાસ, ઈત્યાદિ માટેના ખર્ચના અંદાજ- તથા કાર્ય પૂર્ણ કરવાની સમયમર્યાદા જણાવવાની રહેશે.

- ગ્રંથ પૂર્ણ થયે તે પ્રકાશિત કરવાનો પ્રથમ અધિકાર ગુજરાત સાહિત્ય અકાદમીને રહેશે. તે અંગેનાં બધાજ કોપીરાઈટ અકાદમીના રહેશે. લેખકને તે માટે અકાદમીના નિયમોનુસાર રોયલ્ટી આપવામાં આવશે.
- પ્રોજેક્ટ પૂર્ણ થયેથી જ અકાદમી દ્વારા પૂર્ણ ચૂકવણું કરવામાં આવશે.
- સંશોધન આર્થિક સહાય સ્વીકારનાર સાક્ષરે દર ત્રણ માસે પોતાના કાર્યની પ્રગતિનો અહેવાલ અકાદમીને મોકલવાનો રહેશે. પ્રગતિ અહેઅવલ રૂબરૂ આવી પ્રસ્તુત કરવાનો રહેશે.
- સાક્ષર દ્વારા મોકલાતો અહેવાલ અકાદમીની સમિતિ  સમક્ષ અથવા અકાદમીની સમિતિ ને યોગ્ય અને જરૂરી લાગે તો તે માટે નિશ્ચિત થયેલા પરામર્શક કે પરામર્શકો પાસે રજૂ થતો રહેશે અને અકાદમીની સમિતિ ને જણાય કે સંશોધન આર્થિક સહાય સ્વીકાર્યા સમયે નિશ્ચિત થયેલી પ્રવૃત્તિ થતી નથી તો સંશોધન આર્થિક સહાય  રદ કરવાનો અકાદમીની સમિતિને અધિકાર રહેશે.
- એક વખત સંશોધન આર્થિક સહાય  સ્વીકાર્યા પછી અધવચ્ચે કાર્ય છોડી શકાશે નહીં. સર્જક-સંશોધકના હાથ બહારની પરિસ્થિતિ કે સંજોગોને કારણે કાર્ય પૂરું થઈ શકે એમ ન હોય અથવા તો નિશ્ચિત સમયમર્યાદામાં પૂરું થઈ શકે એમ ન હોય તો અકાદમીની સમિતિ ની ભલામણથી લાભાર્થીનો સ્વીકારનારને કરારથી મુક્ત કરી શકાશે.
- સર્જક-સંશોધક પોતે જ સ્વેચ્છાએ મુક્ત થવા ધારે તો સંશોધન આર્થિક સહાય તરીકે અપાયેલી રકમ તથા તે સમયગાળામાં તૈયાર થયેલી સામગ્રી અકાદમીને પરત સોંપવાની રહેશે.
- જો કોઈ સાક્ષર અધવચ્ચે કામ છોડી દે તો તે વિષયનું સંશોધન તેના અભ્યાસ માટેની અકાદમીની સમિતિ  અન્ય સાક્ષરને સોંપી શકશે. કાર્યમુક્ત થયેલા સાક્ષરની સંશોધન-સંપાદનરૂપ અભ્યાસ-મૂલ્ય સામગ્રી દ્વારા અન્ય કોઈ સંશોધક-સંપાદક દ્વારા પૂર્ણ કરવાને અકાદમીને અધિકાર રહેશે. પરંતુ આ પ્રકારના સંજોગોમાં પ્રથમ ઉત્પાદન-સંશોધન કરનાર સાક્ષરના નામ-કામનો ઋણ સ્વીકાર પ્રસ્તુત ગ્રંથમાં પ્રસ્તાવનામાં કરવામાં આવશે.
- કોઈ કાર્ય માટે અકાદમીની અકાદમીની સમિતિને યોગ્ય લાગે તો બને તેટલી મુદત વધારી શકશે.
- સંશોધન સહાય યોજનાનો સ્વીકાર કરનાર સાક્ષર અન્ય કોઈ આર્થિક પ્રાપ્તિને વ્યવસાય નહિ કરી શકે. સર્જન અને સંશોધન માટે પૂર્ણ સમય આપી શકાય તે માટે સંશોધન આર્થિક સહાય  અપાય છે. એ ધ્યાનમાં લઈને પૂર્ણ સમય કે ખંડ સમયની અન્ય પ્રવૃત્તિ કરી શકે કે કેમ, તેનો નિર્ણય કરવાનો રહેશે.
- હાથ ધરેલાં સર્જન-સંશોધન-સંપાદનને અનિવાર્ય ગણાય એટલે કે સમય આપ્યા પછી અન્ય કોઈ સર્જન કે સંપાદન-સંશોધન લેખ ઈત્યાદિ કરવાની છૂટ રહેશે. પરંતુ આ કારણે સર્જન-સંશોધન-સંપાદન માટે ધારી પ્રગતિ થઈ શકતી નથી એવું ત્રૈમાસિક અહેવાલને આધારે જણાશે તો આ અંગેની એક માસ અગાઉ સૂચના અને આદેશ અકાદમીની સમિતિ  આપીને સહાય બંધ કરાવી શકશે.

- આ શરતોમાં ફેરફાર કરવાનો કે વિશિષ્ટ સંજોગોમાં છૂટછાટ મૂકવાનો અધિકાર અકાદમીની સમિતિને રહેશે.
- ગુજરાત સાહિત્ય અકાદમીમાં સભ્ય તરીકે સ્થાન ધરાવતા સાક્ષર આ સભ્યપદે ચાલુ રહીને લાભ લઈ શકશે નહીં.

## : શોધાર્થી સહાય માટે પાત્ર નાણાકીય હેડ :

| ક્રમ | વિગત | શોધાર્થીએ માંગણી કરેલ રકમ રૂ. | મંજૂર રકમ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | પુસ્તકો અને જર્નલનો ખર્ચ (સબસ્ક્રીપ્શન) | | | |
| ૨ | સાધન સામગ્રી | | | |
| ૩ | સામાન્ય ખર્ચ | | | |
| ૪ | ક્ષેત્રીય કાર્યનો ખર્ચ : (પ્રવાસ) | | | |
| ૫ | માનવ સંસાધન ખર્ચ | | | |
| ૬ | ટાઈપીંગ અને કમ્પ્યુટર વિષયક સેવાઓ- ડેટા એન્ટ્રી, કંપોઝનો ખર્ચ | | | |
| ૭ | આકસ્મિક ખર્ચ | | | |

## શરતો

(૧) પુસ્તકો અને જર્નલનો ખર્ચ (ખરીદી અને સબસ્ક્રીપ્શન )

સૂચિત સંશોધન કાર્ય માટે જરૂરી સાધનો અને પુસ્તકો અને સામાયિકો મેળવવા માટે સાધનો તેમજ પુસ્તકો અને સામયિકો અનુદાનનો ઉપયોગ કરી શકાશે. આ સંશોધન કાર્ય હેઠળ મુખ્ય સંશોધક દ્વારા હસ્તગત કરવામાં આવેલ સાધનો અને પુસ્તકો અને જર્નલ્સ સંશોધન કાર્ય પૂર્ણ થયા પછી અકાદમીના પુસ્તકાલયમાં જમા કરાવવાના રહેશે. જે અકાદમીની સંસ્થાકીય મિલકત રહેશે.

(૨) માનવ સંસાધન ખર્ચ

(૩) ક્ષેત્ર કાર્યનો ખર્ચ

(૪) ટાઈપીંગ અને કમ્પ્યુટર વિષયક સેવાઓ- ડેટા એન્ટ્રી, કંપોઝનો ખર્ચ : અકાદમી તેનાં પ્રમાણિત ભાવ નક્કી કરે તેનાથી વધુ ન હોવો જોઈએ.

(૫) આકસ્મિક ખર્ચ

(૬) અન્ય (જો કોઈ હોય તો તેની વિગત)
આ તમામ ખર્ચ રૂ. ૩,૫૦,૦૦૦/- થી વધવો ન જોઈએ.

## : સહાયની ચૂકવણીની પદ્ધતિ :

**(૧) પ્રથમ હપ્તો :**

શોધાર્થીનો પ્રોજેક્ટ મંજૂર થયા બાદ તે પુસ્તકોની ખરીદી કરી, જર્નલ્સને સબસ્ક્રાઈબ કરી અસલ બીલો અકાદમીને રજૂ કરે કે તરત અકાદમી તે રકમની ચૂકવણી કરશે. આ માટે પુસ્તકો અને જર્નલ્સની યોગ્યતની ચકાસ્વાનો અધિકાર અકાદમીના મહામાત્રનો રહેશે. અકાદમી જેટલા પુસ્તકો, જર્નલ્સ સંશોધન કાર્યને લગતા હોય તેને જ માન્ય રાખી તેટલુ જ ચૂકવણું કરશે. આ માટેનો કુલ ખર્ચ ૧૫% થી વધવો ન જોઈએ.

**(૨) બીજો હપ્તો :**

ત્યાર બાદ ક્ષેત્રકાર્ય માટે શોધાર્થીની વિનંતીથી અકાદમી સંશોધન દરખાસ્તની મંજૂરીની કુલ રકમના ૨૫% રકમ શોધાર્થીને ફાળવશે.

**(૩) ત્રીજો હપ્તો:**

શોધાર્થી પોતાનું સંશોધન કાર્ય પૂર્ણ કરશે અને તેની બે સ્પાઈરલ બાઈન્ડીંગવાળી હસ્તપ્રતો અકાદમીને જમા કરાવશે. અકાદમીની સંશોધન સમિતિ સામે શોધાર્થી પોતાનું સંશોધન કાર્ય રજૂ કરશે. અકાદમીની સંશોધન સમિતિ એ શોધકાર્ય યોગ્ય, મૌલિક અને ગુણવત્તાયુક્ત, સંતોષકારક છે, તેવું પ્રમાણપત્ર આપશે. ત્યારબાદ શોધાર્થી અકાદમીને તમામ અસલ બીલો અને વાઉચરો સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત યુટિલાઈઝેશન સર્ટીફિકેટ રજૂ કરશે, પછી જ અકાદમી સંશોધન દરખાસ્તની મંજૂર કરેલ રકમ પૈકીની બાકીની રકમ શોધાર્થીને ચૂકવશે. આ રીતે ચૂકવાયેલી સંપૂર્ણ રકમ કુલ રૂ.૩,૫૦,૦૦૦/- રહેશે.

આ યોજના હેઠળ અરજીઓ સ્વિકારવાનું તા.૧૦/૦૯/૨૦૨૪થી શરૂ થશે. શોધાર્થીએ www.gujaratsahityaacademy.com પર ઓનલાઈન અરજી કરી, અરજીની અને સાધનિક કાગળોની પ્રિન્ટ લઈ અકાદમી ખાતે મોકલી આપવાની રહેશે. અરજી કરવાની છેલ્લી તા.૩૦/૦૯/૨૦૨૪ અકાદમી ખાતે કાગળો સહિત અરજી પહોંચાડવાની છેલ્લી તા.૦૫/૧૦/૨૦૨૪ પ્રિન્ટ લીધેલી અરજીઓ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ સ્વિકારી શકાશે.